વડીલોને વંદન
અભિનંદન



ડાહીબેન કાંતિભાઈ પટેલ
(૧૯૪૬) ફોન: ૨૩૨૬૦૬૨૭



સુમંતભાઈ મં. શાહ
(૧૯૩૮)

# હિતેષ ઝવેરી લૂંટ-હત્યા કેસમાં મોટી સફળતા : ત્રણ ઝડપાયા

## અમદાવાદ ક્રાઈમબ્રાંચે થોડાક દિવસ પહેલા ત્રણ આરોપીઓના સ્કેચ જારી કર્યા હતા : એક જુહાપુરામાંથી અને બાકીના બેની ઉત્તરપ્રદેશમાંથી ધરપકડ

અમદાવાદ, તા. ૨

અમદાવાદ શહેરના શિવરંજની વિસ્તારમાં ૧૫મી જાન્યુઆરીના દિવસે થયેલી હત્યા અને દિલધડક લૂંટના મામલામાં આજે મોટી સફળતા હાથ લાગી હતી. ક્રાઈમ બ્રાન્ચે આખરે ત્રણ શખ્સોની ધરપકડ કરી લીધી હતી. ઝડપાયેલા ત્રણેય શખ્સોની આકરી પુછપરછ હાથ ધરાઈ છે. કેટલીક નવી વિગત ખૂલે તેવી શક્યતા છે.

૧૮ દિવસ પેહલા ધોળા દિવસે ત્રણ અજાણ્યા શખ્સોએ ૪૫ વર્ષીય હિતેશ ઝવેરીની લૂંટ અને હત્યાનો મામલો અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ઉકેલી લીધો છે. હત્યા પછી યુદ્ધના ધોરણએ તપાસ હાથ ધરનાર અમદાવાદ ક્રાઈમ બ્રાંચે ત્રણ આરોપીઓના સ્કેચ જાહેર કર્યા હતા. અમદાવાદ ક્રાઈમ બ્રાંચે આજે આ કેસમાં ત્રણ આરોપીઓની અટકાયત કરી છે જેમાં એક શખ્સ અમદાવાદના જુહાપુરા વિસ્તારનો છે તો બાકીના બે શખ્સોની યુપીમાંથી ધરપકડ કરવામાં આવી છે. ગત ૧૫મી જાન્યુઆરીએ શહેરના પોશ વિસ્તાર શિવરંજની ચાર રસ્તા પાસે પીકઅવર્સમાં ધઢાધડ ગોળીઓનો વરસાદ કરીને દિલધડક ૧.૦૯ કરોડની લૂંટ કરવામાં આવી હતી. જેમાં જેકે બુલિયનના માલિક હિતેશ ઝવેરીનું મોત થયું હતુ. જ્યારે બે લોકોને ઈજા થઈ હતી. આ લૂંટ અને હત્યાના કેસમાં પોલીસને ૧૮ દિવસની તપાસ પછી સફળતા મલી છે. ક્રીમ બ્રાન્ચે આ કેસ ઉકેલી નાંખ્યો છે. તેમજ આ એક ગેંગ હોવાનું તેમજ તેઓ માત્રને માત્ર સોનીઓને જ શિકાર બનાવતા હોવાનું જાણવા મળ્યુ છે. એટલુ જ નહીં, આ ગેંગ દ્વારા અન્ય બે લૂંટનું કાવતરું ઘડ્યું હોવાની શંકા છે. આ કેસમાં અમદાવાદ પોલીસે ત્રમ આરોપીઓની ધરપકડ કરી છે. જેમાંથી બે દિલ્હીના છે, જ્યારે એક આરોપી જુહાપુરા-ફતેહવાડીનો છે. આ બંને આરોપીઓને વિમાન માર્ગે અમદાવાદ લવાયા હતા. ક્રાઈમ બ્રાન્ચના સૂત્રો પાસેથી જાણવા મળ્યા પ્રમાણે આ ગેંગ દ્વરા અમદાવાદમાં ત્રણ લૂંટ ચલાવી હતી. જેમાં હિતેશ ઝવેરી, પેટ્રોલપંપ પર કેશિયરની ૩૬ લાખની લૂંટ અને એક અન્ય ૧૪ લાખની લૂંટનો સમાવેશ થાય છે. હિતેશ ઝવેરીની હત્યા પછી મહાજનોમાં હાહાકાર મચી ગયો હતો. તેમણએ આ મુદ્દે સઘન તપાસ હાથ ધરવાનું તેમજ આરોપીઓને વહેલી તકે પકડી પાડવાની માંગમઈ કરી હતી. જેને પગલે અમદાવાદ પોલીસ કમિશનરે પોલીસે તપાસ ઝડપી બનાવવાનો આદેશ આપ્યો હતો. જેને પગલે સાતથી આઠ ટીમો બનાવીને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ. લગભગ ૧૮ દિવસના સર્ચ ઓપરેશન પછી આ પોલીસ આરોપીઓને પકડવામાં સફળ રહી છે. આરોપીઓ પાસેથી રૂપિયા ૪૦ લાખ રોકડા મળી આવ્યા છે. તેમજ બે પિસ્તોલ તથા પલ્સર અને એક્સેસ બાઈક પણ કબ્જે લીધા છે.



હેપ્પી બીઝનો પ્રારંભ : સેક્ટર-૨૬ ખાતે રાષ્ટ્રીય કક્ષાની પ્રિ-પ્રાયમરી હેપ્પી બીઝનો મંગલ પ્રારંભ માધ્યમિક શિક્ષણ બોર્ડના પૂર્વ અધ્યક્ષ હસમુખભાઈ હિંગુના હસ્તે થયો હતો. બાળકોને અદ્યતન સુવિધા સાથેની પ્રિ-પ્રાયમરી સ્કૂલ વિકસતા સેક્ટરો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. ઉદ્‌ઘાટન સમારંભમાં સર્વશ્રી કૃષ્ણકાન્ત જહા, અશ્વિનભાઈ ત્રિવેદી, નરેન્દ્રભાઈ શાહ અને કનુભાઈ દેસાઈ સહિત અગ્રણી ઉપસ્થિત રહ્યા હતા.

## શહેર પોલીસ દ્વારા ત્રણ રાહદારીઓની હિમ્મતને બિરદાવતા ઈનામ અપાયું હતું

હિતેશ ઝવેરીની હત્યા અને લૂંટ દરમિયાન ત્રણ રાહદારીઓની હિમ્મતને બિરદાવતા શહેર પોલીસ દ્વારા ઈનામની જાહેરાત કરાઈ હતી. કનુભાઈ પટેલને પાંચ લાખ, સુરેશ ગણાત્રાને દોઢ લાખ અને રાજુ પટેલને ૨૫ હજાર રૂપિયાનું ઈનામ શહેર પોલીસ કમિશનર શિવાનંદ ઝાના હસ્તે અપાયું હતું.

# સેનેટની ૮ બેઠકો માટે ૧૬ ઉમેદવાર વચ્ચે જંગ ખેલાશે

## યુનિ. સેનેટની ચૂંટણીમાં બે બેઠકો બિન હરીફ જાહેર થઈ

અમદાવાદ, તા. ૨

ગુજરાત યુનિવર્સિટીમાં આગામી ૨૩મી ફેબ્રુઆરીએ યોજાનાર વિદ્યાર્થી સેનેટ અને વેલ્ફેરની ચૂંટણીનું સમગ્ર ચિત્ર સ્પષ્ટ થઈ ગયુ છે. આજે ફોર્મ ચકાસણી બાદ બે બેઠકો ઉપર માત્ર એક-એક ઉમેદવારના ફોર્મ ભરવામાં આવ્યા હોવાથી બિનહરીફ જાહેર કરાઈ છે. જ્યારે બાકીની આઠ બેઠકો માટે ૧૬ ઉમેદવારો મેદાનમાં છે.

ગુજરાત યુનિવર્સિટીની વિદ્યાર્થી સેનેટ અને વેલ્ફેરની ચૂંટણી આગામી ૨૩મી ફેબ્રુઆરી યોજવાની છે. જેમાં યુનિવર્સિટી દ્વારા આજે ફોર્મ ચકાસણી બાદ ઉમેદવારોની આખરી યાદી બહાર પાડી હતી. જેમાં મેડીકલ અને ડેન્ટલની બેઠક ઉપર માત્ર એબીવીપીના ઉમેદવારોએ ફોર્મ ભરતા બિનહરીફ જાહેર કરાયા હતા જેમાં મેડીકલની બેઠક પર જતીન ડામોર અને ડેન્ટલની બેઠક ઉપર આનંદ રાણા બિનહરીફ જાહેર થયા છે. જ્યારે અન્ય આઠ બેઠકો વચ્ચે ૧૬ ઉમેદવારો મેદાનમાં છે. જેમના માટે આગામી ૨૩ ફેબ્રુઆરીના રોજ મતદાન થશે. આ ઉપરાંત વેલ્ફેરની ચૂંટણીમાં અમદાવાદ સીટીમાં ૧૪ અને અમદાવાદ ગ્રામ્યમાં ૧૪ સહીત ૨૮ ઉમેદવારો મેદાનમાં છે.





ડીસા નગરપાલિકાના વોર્ડ નં.૨માં ભાજપના સભ્યનાં રાજીનામાનાં કારણે ખાલી પડેલી બેઠક પર પેટા ચૂંટણી યોજાતા રવિવારનાં રોજ મતદાન પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ચૂંટણી તંત્ર દ્વારા વોર્ડના કુલ ૭૫૭૫ મતદારો માટે આઠ બુથમાં વ્યવસ્થા કરાઈ હતી. ડીસા નગરપાલિકાનાં વોર્ડ નં. ૨ની પડેલી જગ્યા પર ચૂંટણી યોજાવા જાહેરનામું પડતાં રવિવારનાં રોજ કુલ ૭૫૭૫ મતદારો માટે આઠ બુથની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં ઝવેરીનગર, પ્રા. શાળા ૨ બુથો સંવેદન શીલ હોઈ આ બુથોર પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. જો કે લગ્ન ગાળાની સીઝન હોવાના કારણે તેમજ પેટા ચૂંટણી હોવાથી લોકોમાં ચૂંટણી જેવો માહોલ જોવા મળ્યો ન હતો. જેથી સાંજના પાંચ વાગ્યા સુધીમાં માત્ર ૪૦.૩૦% જેટલું મતદાન થયું હતું.

# મોદી શાસનમાં ગરીબોમાં સતત વધારો થઈ રહ્યો છે : મોઢવાડિયા

અમદાવાદ, તા. ૨

ગરીબી માટેના આવકના માપદંડ અને ગરીબીના સત્તાવાર આંકડાઓ પાછા ખેંચવાની માંગ સાથે ગુજરાતના મુખ્યપ્રધાનનરેન્દ્ર મોદીના વિકાસ મોડલની આકરી ઝાટકણી કાઢતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતીના પ્રમુખ અર્જૂન મોઢવાડિયાએ મોદીના રાજીનામાની માંગ કરી હતી. તેમણે કહ્યું હતું કે ગુજરાતની બાજપ સરકારના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ દ્વારા ગરીબીના માપદંડ માટે ગ્રામ્ય વિસ્તારમાં આવકનુ ધોરણ પ્રતિદિન ૧૦.૮૦ અને શહેરી વિસ્તારમાં ૧૬.૭૦ એટલે કે ગ્રામ્ય વિસ્તારમાં મહિનાના રૂપિયા ૩૨૪ અને શહેરી વિસ્તારમાં મહિનાના ૫૦૧ કમાઈ શકે તે રાજ્યમાં ગરીબ ગણાશે નહી. આ આવકવાળા ગરીબ પરિવારોની સંખ્યા ગુજરાતમાં ૩૮ લાખ છે. મોદીના શાસનમાં ગુજરાતમાં ગરીબોની સંખ્યા ઘટાડવામાં અને ગરીબોની આવક વધારવામાં ભાજપની સરકાર ૧૮ વર્ષમાં સંપૂર્ણ નિષ્ફળ ગઈ છે. ગરીબોની સંખ્યામાં ઉત્તરોઉત્તર વધારો થઈ રહ્યો છે. ત્યારે મોદી સરકારના વિકાસના મોટા મોટા દાવાઓ સંપૂર્ણ પોકળ સાબિત થઈ રહ્યા છે. ગુજરાતમાં સિમિત લોકોની આવકમાં વધારો અને મોટા બાગના લોકોની ાવકમાં ઘટાડો સાથે અસમાનતા વધી રહી છે. ભાજપ સરકારના માલેતુજાર-ઉદ્યોગપતિઓ તરફી નિતીના પરિણામે ગુજરાતમાં ગરીબોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે તેવુ જાહેર કરતા મોઢવાડિયા એ જણાવ્યું હતુ કે મોદી સરકારની યાદીમાં સરકારી તિજોરીમાંથી અબજો રૂપિયાની રાહત મેળવનાર અને પાણીના ભાવે કુદરતી સંશાધનો કબજે કરનાર સિમીત માનીતા ઉદ્યોગપતિઓ જ વિશેષ બીપીએલની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

આ સરકારી તિજોરીના અબજોપતિ લાભાર્થીઓ માટેના માપદંડ મુખ્યપ્રધાનની ઓફિસમાં ૨૪ કલાકમાં નક્કી કરી દેવામાં આવે છે. અને આ અંગેની વિગતો સરકારી વેબસાઈટ કે આરટીઆઈ દ્વારા મળતી નથી. દેશના આયોજન પંચ દ્વારા અગાઉ ગ્રામીણ વિસ્તારમાં ૨૬ અને શહેરી વિસ્તારમાં ૩૨ જાહેર કરવામાં આવી ત્યારે ભાજપે ગરીબોના નામે ખુબ બુમરાણ મચાવી હતી. ખરેખર તો આયોજન પંચે માર્ગ દર્શક આંકડા જાહેર કરવામાં આવ્યા હતા. જેનો ભારત સરકારે અસ્વીકાર કર્યો હતો જો કે ભાજપે ભારે હોબાળો મચાવ્યો હતો.

મોઢવાડિયાએ કહ્યું હતું કે મોદી મોડલને દેશમાં લાગુ કરવાની વાત કરી રહ્યા છે ત્યારે ગુજરાતમાં ગરીબ માટેની આવી દારૂણ સ્થિતી હોય તો દેશની કેવી દુર્દશા થાય છે. ગુજરાતમાં ગરીબી વધી રહી છે. મનરેગા હેઠળ ભારત સરકારે લઘુત્તમ વેતન દૈનિક ૧૪૦ નક્કી કર્યું છે. ગુજરાતની ભાજપ સરકારે ભારત સરકારે નક્કી કરેલા ૧૪૦ના વેતનની સામે વ્યક્તિદીઠ માત્ર ૧૦.૭૦ પ્રતિદિન વધારે આવક મેળવનારને ગરીબ ગણવાનો ઈન્કાર કરી દીધો છે.

# ગુજરાતમાં ૧૦૦ કરોડના ખર્ચે એફડીડીઆઈ કોલેજ બનશે

અમદાવાદ, તા. ૨

દેશમાં માત્ર આઠ સ્થળોએ કાર્યરત અને ફૂટવેર તથા રિટેલમાં દેશમાં નંબર વન ફૂટવેર ડિઝાઈન અને ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટનું નવમું અદ્યતન કોલેજ કેમ્પસ ગુજરાતમાં નિર્માણ પામવા જઈ રહ્યુ છે. કેન્દ્ર સરકારનાં વાણિજ્ય મંત્રાલય દ્વારા સંચાલિત અને ૧૦૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતા ધરાવતી આ કોલેજ રૂપિયા ૧૦૦ કરોડના ખર્ચે અંકલેશ્વર-વાલીયા રોડ પર ૧૦ એકર જમીનમાં આગામી ૧૨ મહિનામાં નિર્માણ પામશે તેવી મોટી જાહેરાત કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર અને સાંસદ અહેમદ પટેલ દ્વારા કરવામાં આવી છે. ઔદ્યોગિક રીતે હરણફાળ ભરી રહેલાં અંકલેશ્વર સહિત ભરૂચ જિલ્લામાં કેમિકલની સાથે હવે ફૂટવેર ઈન્ડસ્ટ્રીઝનું આગમન થઈ શકે તેવી દિશામાં મહત્વનું અને અસરકારક પગલું ભરતાં સાંસદ અહેમદ પટેલના પ્રયાસો અને સૂચનાથી ગુજરાતમાં પ્રથમ ફુટવેર ડિઝાઈન અને ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ કોલેજ કેમ્પસનું નિર્માણ અંકલેશ્વર વાલિયા રોડ પર થવા જઈ રહ્યુ છે. અંકલેશ્વર વાલિયા રોડ પર રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી ૧૦ એકર જમીનમાં રૂપિયા ૧૦૦ કરોડના ખર્ચે ૭૫૦થી ૧૦૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતાવાળી કોલેજનાં નિર્માણની જાહેરાત અહેમદ પટેલની હાજરીમાં એફડીડીઆઈનાં ડિરેક્ટર રાજીવ લાખારા દ્વરા અંકલેશ્વરના પિરામણ ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં કરવામાં આવી હતી.

### ટોય હાઉસનું ઉદ્દઘાટન.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કીચન કોર્નર, ડ્રેસીંગ કોર્નર, સાયકલ ટ્રેક, કોમ્પ્યુટર લેબ, મિની થીયેટર, પ્લે સ્ટેશન, પઝલ્સ ઉપરાંત ટ્રેડમીલ અને અવનવા રમકડા પણ મુકવામાં આવ્યા છે. બાળકો માટીમાં રમી શકે તે માટે સેન્ડપીટની રમત પણ ઉપલબ્ધ છે. આ ટોય હાઉસનો લાભ શાળાના તમામ બાળકોને કોઈપણ પ્રકારની ફી વગર આપવામાં આવશે. સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલની પ્રેરણાથી ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન ડૉ. વીણાબેનના માર્ગદર્શન હેઠળ ક્રિએટીવ ઝોનના ઈન્ચાર્જ કિરણબેન પટેલના પ્લાનિંગ મુજબ ટોય હાઉસ તૈયાર કરવામાં આવ્યું છે. આ ટોયહાઉસમાં ચાર શિક્ષકોને ફરજ સોંપવામાં આવી છે. શિક્ષકોના માર્ગદર્શન હેઠળ ભૂલકાઓને જ્ઞાન સાથે ગમ્મત પુરી પાડી તેમનામાં રહેલી સર્જનાત્મક શક્તિને નિખારવાનો પ્રયાસ કરવામાં આવશે. ટોય હાઉસમાં મિની થિયેટરમાં બાળકોને ધાર્મિક અને કાર્ટુન ફિલ્મો પણ જોવા મળશે. ટોય હાઉસના નિર્માણ પાછળ અંદાજિત રૂ. ૫૦ લાખનો ખર્ચ થયો છે. પ્રથમ દિવસે જ ટોય હાઉસને લઈ બાળકો અને વાલીઓમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. ૪૫૦૦ જેટલા વ્યક્તિઓ ટોય હાઉસની મુલાકાત લઈ દંગ રહી ગયા હતા. ટોય હાઉસને કમળા અમૃત નામ આપવામાં આવ્યું છે.

## શબ્દાવલી - ૫૩૦૨

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | ૨ | ■ | ૩ | ૪ | ૫ |
| | ■ | ■ | ૬ | ૭ | | | |
| ૮ | ૯ | ૧૦ | ■ | ૧૧ | | ■ | ■ |
| ■ | ૧૨ | | ૧૩ | ■ | ૧૪ | | ૧૫ |
| ૧૬ | ■ | ૧૭ | | ૧૮ | | ■ | |
| ૧૯ | ૨૦ | | ■ | | ■ | ૨૧ | |
| ૨૨ | | ■ | ૨૩ | | | ■ | |
| ■ | ૨૪ | | | | ■ | ૨૫ | |

**આડી ચાવી**

૧. ઇરાદો, ધારણા (૪)
૩. આકાશ, નભ (૩)
૬. જડ જેવું, અજ્જડ (૫)
૮. મંજુરી, હા - માં જવાબ (૩)
૧૧. મેવાડની કૃષ્ણભક્ત રાણી (૨)
૧૨. ત્યજાયેલી સ્ત્રી (૩)
૧૪. શીર, માથુ (૩)
૧૭. બીકણ (૪)
૧૯. ઉનુ, ઉષ્ણ (૩)
૨૧. ખાદ્ય, ખાજુ (૨)
૨૨. મોજ, આનંદ (૨)
૨૩. તમાકુનો ભૂકો (૩)
૨૪. રજા માંગવી તે, છુટ્ટી મંજૂર (૪)
૨૫. દૂધ-ભાતની વાનગી (૨)

**ઊભી ચાવી**

૧. સ્વચ્છંદી (૩)
૨. ભાર, વજન (૨)
૩. ગભરાટ, બાવરાપણુ (૫)
૪. ફળની અંદરનો ગર્ભ (૨)
૫. નીચુ નમેલુ, નિત્ય (૨)
૭. ખરેખરું નહિ તેવું માણસ, ડુપ્લીકેટ (૨)
૯. કર્મ, કામ (૨)
૧૦. યુક્તિ, પ્રયુક્તિ (૪)
૧૩. વાયર, તંતુ (૨)
૧૫. દેવાદાર (૫)
૧૬. ઉત્પત્તિ સ્થાન, ... સ્થાન (૩)
૧૮. મુર્હત ના હોય તેવું (૪)
૨૦. ઓઢવાની ગોદડી (૩)
૨૩. નિર્ણય આપનાર નક્કી કરનાર (૨)

### શબ્દાવલી ૫૩૦૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) અંજલિ (૩) કવિ (૬) જન (૭) બળપ્રયોગ (૯) નાસપત્તી (૧૦) ગજા (૧૧) ડંખ (૧૩) વિદારવું (૧૫) પાખર (૧૭) દાયજો (૧૮) ખુટલ (૨૦) કમ (૨૧) શૂન્યાવકાશ

**ઊભી ચાવી :-** (૧) અંજના (૨) જનસમુદાય (૩) કળ (૪) વિપ્ર (૫) જગજાહેર (૭) બત્તી (૮) યોગ (૧૨) ખપાટ (૧૩) વિરારક (૧૪) રજોટી (૧૬) ખલ (૧૯) પાશ

### જ્વલંત સફળતા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઈટાવા ખાતે યોજાયેલા સૈફઈ મહોત્સવની સાયકલોથોન સ્પર્ધામાં પણ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી રૂ. ૧.૫૦ હજારનું પારિતોષિક મેળવ્યું હતુ. તો કુણાલ ઠાકુરે ૭મુ સ્થાન મેળવી ૫૦,૦૦૦ નું પારિતોષિક મેળવ્યું હતું.

શ્રી રાવલના જણાવ્યાનુસાર ૬ ફેબ્રુઆરીએ બેંગ્લોર ખાતે યોજાનાર વોડાફોન સાયક્લોથોનમાં ભાગ લેવા જનાર છે. આ પછી ૯મી માર્ચે ચેન્નાઈ ખાતે યોજાનાર સ્પર્ધામાં પણ ભાગ લેવા જનાર છે.

આ ત્રણેય વિદ્યાર્થીઓ સે. ૧૩માં તેમના કોચ રહેતા હોવાથી બે વર્ષથી ગાંધીનગર હોસ્ટેલમાં રહી અભ્યાસ કરી રહ્યા છે. કોચ શ્રી સંતોષકુમાર પણ દેશના શ્રેષ્ઠ સાયકીસ્ટો તરીકેનું સ્થાન ધરાવે છે. જે ઉલ્લેખનીય છે.

### ટાઈમ લાઈન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટીકીટ તો તેને જ આપજો...એવી ઉદારતા કોંગ્રેસના એકપણ સિનિયર નેતામાં રહી નથી. બીજાના ટાંટીયા ખેંચીને ઉપર આવનારા નેતાઓની અછત નથી...

બીજી પાર્ટીમાંથી કોંગ્રેસમાં આવેલા એક પૂર્વ ધારાસભ્યએ કહ્યું હતું કે અમારા વિધાનસભા મત વિસ્તારમાં મને એક નેતાએ કહ્યું હતું કે આપણા વિસ્તારમાં સિનિયર મોસ્ટ એક નેતા છે જેઓ ચૂંટણી ક્યારેય જીત્યા નથી, પણ તમારે તેમને સરન્ડર થઈને ચૂંટણી લડવી પડશે. આ નેતાની દિલ્હીમાં વગ છે.... જો કે આ પૂર્વ ધારાસભ્ય પેલા નેતાને વશ ન થયા, પરિણામ એ આવ્યું કે લાખોનો ખર્ચ કરવા છતાં છેલ્લી બે ચૂંટણીમાં તેઓ વિજયી બની શક્યા નહીં...કારણ સાફ છે ; કોંગ્રેસના સત્તાવાર ઉમેદવારને હરાવવા માટે પેલા નેતાએ ભાજપના ઉમેદવાર પાસેથી રૂપિયા ઉઘરાવી લીધા હતા...!!

**ભાઇ, લૂંટ તો બન્ને બાજુથી ચાલી છે...**

મોંઘવારીનો ત્રાસ સહન કરતી છ કરોડની જનતાને ભાઠા મારવાનું કામ દિલ્હીમાં બેઠેલી એકલી કોંગ્રેસની યુપીએ સરકાર કરતી નથી, ગુજરાતમાં ભાજપની સરકાર પણ ભાઠા મારી રહી છે. કોંગ્રેસ તરફથી પેટ્રોલ અને ડિઝલના ભાવ વધારવામાં આવે છે પણ ગુજરાત સરકાર વેટ ઘડાડવા તૈયાર નથી. આ સિલસિલો ૨૦૦૫?? ચાલે છે. હંમેશા કોંગ્રેસને ભાંડતા આપણા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી તેમની સરકારની આવક જતી કરવા માગતા નથી. અહીં એક અધિકારી કહે છે કે કોંગ્રેસ ભલે -જાને લૂંટે પણ ભાજપની સરકાર પણ લૂંટી જ રહી છે ને... પેટ્રોલ અને ડિઝલ ઉપર વેટ ઘટાડે તો લોકોને દામમાં ૧૦ થી ૧૫ રૂપિયાનો ફાયદો થઈ શકે છે.

મજાની વાત તો એ છે કે કેન્દ્રની યુપીએ સરકાર ભાવ વધારે છે તેનો સીધો ફાયદો ગુજરાતમાં પણ થાય છે. પેટ્રોલ અને ડિઝલમાં વધતા દર સાથે વેટની આવક પણ વધી રહી છે. એટલે કે દિલ્હી અને ગાંધીનગર એમ બન્ને સરકારો -જા ઉપર કોરડા વિંઝે છે. સચિવાલયમાં નિવૃત્તિના આરે આવેલા એક અધિકારીએ કહ્યું હતું કે યુપીએ સરકાર કોઈપણ સ્ટેપ ઉઠાવે તો ભાજપ માટે તે સ્ટેપ ગાળો ભાંડવાનું મશીન બની જાય છે, પણ ભાજપ ગુજરાતમાં કંઈપણ કરે તો તેનો વિરોધ સુદ્ધાં થતો નથી.... ભાજપના -વક્તા મંત્રી જ કહે છે કે આપણે વેટ એટલા માટે ઘડાડી શકતા નથી, કેમકે આપણે ત્યાં દારૂબંધી છે તેથી દારૂની આવક જતી કરવી પડે છે...આ -ધાનને ખબર હશે કે આપણે ત્યાં દારૂબંધી આજકાલની નથી, ૧૯૬૦?? દારૂબંધી છે, ભાજપની કેશુભાઈની સરકાર સહિત કોઈ સરકારને આવક નડી નહી અને તમને કેમ નડી..?!!

**વિવાદ કરીને છોડી દો, કોંગ્રેસ ખુલાસા કર્યા કરશે...**

"ભાજપના રાષ્ટ્રીય અને -દેશના નેતાઓને એક સ્પષ્ટ સૂચના મળી છે કે કોઈપણ ઈસ્યુ ઉપર વિવાદ ઉભો કરીને છોડી દો, કોંગ્રેસના નેતાઓ ખુલાસા કરવામાં અને જવાબ આપવામાંથી ઉંચા નહી આવે અને આપણે સરળતાથી લોકસભાની ચૂંટણીની તૈયારી કરી શકીશું..." સ્વર્ણિમ સંકુલમાં આવેલા સૌરાષ્ટ્રના એક સિનિયર ધારાસભ્યએ આ શબ્દો કહ્યા હતા...તેમની વાત પણ સાચી છે. હકીકતમાં એવું જ થાય છે નરેન્દ્ર મોદી તેમના -ત્યેક સમારંભ અને જાહેરસભામાં એક એવો મુદ્દો છોડી રહ્યાં છે જેની પાછળ કોંગ્રેસ ગાંડી થાય છે. કોંગ્રેસના નેતાઓ નિવેદનો અને -ત્યુત્તર આપવામાં લાગી જાય છે...

મોદીના -ત્યેક -વચનમાં રાહુલ ગાંધી, સોનિયા ગાંધી અને વડા-ધાન ડો.મનમોહનસિંહ આવે છે. આ ત્રણેય નેતાઓ રિએકશન આપે તે પહેલાં મોદીના સંબોધનના એક કલાકમાં જ કોંગ્રેસના નેતાઓ ટીવી મિડીયા સામે આવી જાય છે અને ખુલાસા કરવા માંડે છે. ભાજપની આ એક ટેકનિક છે. કોંગ્રેસના નેતાઓને ખુલાસા તૈયાર કરાવે છે કે જેથી કોંગ્રેસ ચૂંટણીની કામગીરી સરળતાથી કરી શકે નહીં. જે પહેલાં ગુજરાતમાં થતું હતું હવે નવી દિલ્હીમાં થઈ રહ્યું છે...

**ભ્ માટે ભાજપ પાસે ઉમેદવારો ઓછા નથી...**

મોદીને વડા-ધાનના ઉમેદવાર બનાવ્યા પછી ભાજપમાં રામરાજય આવી ગયું છે તેવું નથી. પાર્ટીમાં ઈન્ટરનલ એટલા બધાં ડખ્ખા છે કે જે બહાર આવ્યા નથી. ભાજપમાં પણ સત્તાની લાલચ કોઈને રોકી શકતી નથી. આપણા ગુજરાતના સાંસદ લાલકૃષ્ણ અડવાણીને જ જોઈ લો ને...તેમણે કેટલા રાજીનામા આપ્યા અને કેટલા પાછા ખેંચ્યા, કોઈ હિસાબ નથી. ૨૦૦૯ની જેમ ૨૦૧૪માં પણ વડા-ધાનની લાલચ તેઓ રોકી શક્યા નથી. ૨૦૦૯માં અમદાવાદની એક સભામાં તેમના જ શબ્દો હતા કે આ વખતે ચૂંટણી જીતીને વડા-ધાન નહીં બનું તો રાજકારણ છોડી દઈશ. વચને શું કિમ દરિદ્રતા.. વાક્ય તેમને બંધ બેસતું છે..!!

ભાજપમાં વડા-ધાનના બીજા દાવેદાર ડો.મુરલી મનોહર જોષી છે, જેઓ હાંસિયામાં ધકેલાઈ ગયા છે. લોકસભામાં વિરોધપક્ષના નેતા સુષ્મા સ્વરાજ છે. પૂર્વ ફાયનાન્સ મિનિસ્ટર યશવંતસિંહા છે. અરૂણ જેટલી પણ એક નામ છે. નિતીન ગડકરીને પણ અવગણી શકાય નહીં, કે જેમની કારકિર્દી ઉપર આમ આદમી પાર્ટીના ચીફ અરવિંદ કેજરીવાલે પૂર્ણવિરામ મૂકી દીધું છે. સૌથી વધુ સુપર પાવર ભાજપના રાષ્ટ્રીય -મુખ રાજનાથસિંહ છે. અનંતકુમાર છે. મધ્ય-દેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ, છત્તીસગઢના મુખ્યમંત્રી રમણસિંહ અને ગોવાના મુખ્યમંત્રી મનોહર પારિકર છે, જેઓ આ પદ ઉપર શોભી શકે છે.

**ભવિષ્યવેત્તાઓના મતે ભાજપ સૌથી મોટી પાર્ટી ...**

લોકસભાની ચૂંટણીમાં ક્યા પક્ષને સૌથી વધારે બેઠકો મળશે તેનો સરળતાથી જવાબ આપતા ભવિષ્યવેત્તાઓ -ઈમ મિનિસ્ટર કોણ થશે તેનો સચોટ જવાબ આપી શકતા નથી. કોઈ જયોતિષ કહે છે કે મોદી વડા-ધાન બનશે કારણ કે તેમના ગ્રહો બહું મજબૂત છે અને ભાજપ સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવશે. બીજા જયોતિષ કહે છે કે કોંગ્રેસ કે ભાજપ એ બન્નેમાંથી કોઈ વડા-ધાન નહીં બને. મોટા ભાગના જયોતિષ માને છે કે દેશમાં રાજકીય -વાહો ખૂબ ઝડપથી બદલાઈ રહ્યાં હોવાથી સચોટ આગાહી કરી શકાય તેમ નથી...

એનડીએ, યુપીએ અને થર્ડફ્રન્ટ આ ત્રણ વિકલ્પો પૈકી જયોતિષ માત્ર બે વિકલ્પો ઉપર આગાહી કરી શકે છે. તેઓ કહે છે કે આ વખતે એનડીએની સરકાર બને છે અથવા ત્રીજો મોરચો સત્તામાં આવે છે. જયોતિષ નહીં પણ હંમેશા રાજકારણની તથ્યો -માણે આગાહી કરતા એક એનાલિસ્ટના મતે ભાજપને ૧૮૦ થી ૨૨૦ બેઠકો આવશે અને મોદી -ઈમ મિનિસ્ટરની ખુરશીમાં હશે. વિવિધ સર્વેક્ષણોનું તારણ કાઢી તેઓ કહે છે કે આ વખતે કોંગ્રેસના પીએમ આ દેશને મળી શકશે નહી..."

**સફળ થવું છે કે નિષ્ફળ, આપની ઉપર નિર્ભર છે...**

જીવનમાં સફળતા -ાપ્ત કરવી છે કે નિષ્ફળ બનવું છે તે આપણા ઉપર જ નિર્ભર છે. સફળ લોકો બીજાનો આભાર વ્યક્ત કરે છે. બીજાના વખાણ કરે છે. બધાંને માફ કરે છે. પોતાની સફળતાનો શ્રેય વહેંચે છે. નવા આઈડિયાની વાત કરે છે. પરિવર્તન લાવે છે. પોતાનામાં સુધારો કરવાની દ્રષ્ટિ રાખે છે. સતત શીખે છે. બધાંને જીતતા જોવાનું ઈચ્છે છે. હંમેશા લક્ષ્ય ઉંચું રાખે છે....

નિષ્ફળ લોકો માત્ર અધિકારીની વાત કરે છે, કર્તવ્યની નહીં, બધાંની ટીકા કરે છે. મનમાં દુશ્મની રાખીને બેસે છે. સફળતાનો શ્રેય પોતે લે છે. નિષ્ફળતાનું કારણ બીજાને બનાવે છે. વાસ્તવિકતાથી દૂર અતિ ઉત્સાહમાં રહે છે. પોતાનું જ્ઞાન કોઈને વહેંચતા નથી. ક્યારેય લક્ષ્ય બનાવતા નથી. દરેક ચીજને નફા અને નુકશાનમાં તોલે છે. મનમાં બીજાઓને નિષ્ફળ જોવા માગે છે. બદલાવથી ડરે છે....

**આરટીઆઇ એટલે શું..?**

મોદી ફેન એક યુવાને ફેસબુક ઉપર આરટીઆઈનો મતલબ એવો કર્યો છે કે રિટર્ન ટુ ઈટલી... જેના જવાબમાં કોંગ્રેસ -મી એક યુવાને કહ્યું છે કે રિટર્ન ટુ ચાય કિટલી..